# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 19-04-2026** **Evening : 7.10 to 7.20 pm**
**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

1) **કેન્દ્રીય મંત્રી રક્ષા ખડસેએ જણાવ્યું કે નારીશક્તિ વંદન અધિનિયમ સંશોધન બિલને કોંગ્રેસે લોકસભામાં પસાર થતું અટકાવીને દેશની નારીશક્તિ સાથે દ્રોહ કર્યો**

2) **રાજ્યની સ્થાનિક સ્વરાજ્યની ચુંટણીઓ માટે પ્રચારકાર્ય જોરશોરથી ચાલુ**

3) **રાજયભરમાં અક્ષય તૃતીયા એટલે કે અખાત્રીજનો તહેવાર ઉજવવામાં આવી રહ્યો છે.**

4) **રાજ્યના** અનેક શહેરમાં **ફરી એક વખત કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે**

5) **ટી-20 ટીમના કેપ્ટન સૂર્યકુમાર અને મુખ્ય કોચ ગૌતમ ગંભીરે સાળંગપુર હનુમાનજીના ચરણે વિશ્વ કપ ટ્રોફી અર્પણ કરીને ભારતની જીતની માનતા પૂર્ણ કરી.**

--- (સમાચારને અંતે) (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# BJP RAKSHA KHADSE

કેન્દ્રીય મંત્રી રક્ષા ખડસેએ ગાંધીનગરમાં પત્રકાર પરિષદમાં જણાવ્યું કે નારીશક્તિ વંદન અધિનિયમ સંશોધન બિલને કોંગ્રેસે લોકસભામાં પસાર થતું અટકાવીને દેશની નારીશક્તિ સાથે દ્રોહ કર્યો છે.

આ પરિષદમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ તથા ભાજપા પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા સહિત ભાજપના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

શ્રીમતી ખડસેએ વધુમાં જણાવ્યું હતું કે કોંગ્રેસે હંમેશા મહિલાઓના મુદ્દે રાજનીતિ કરી છે. કોંગ્રેસ કહે છે કે અમે મહિલાઓ સાથે છીએ, પરંતુ જ્યારે મહિલાઓને સશક્ત બનાવવાની તક આવી ત્યારે તેમણે સાથ આપ્યો નહીં. તેમણે ઉમેર્યું કે, દેશની મહિલાઓ તેમજ સામાન્ય વર્ગના યુવાનો આ મુદ્દાને ગંભીરતાથી લઈ રહ્યા છે અને આવનારી ચૂંટણીમાં કોંગ્રેસ અને અન્ય વિપક્ષી દળોને તેનો યોગ્ય જવાબ આપશે.

તેમણે ઉલ્લેખ કર્યો કે ઉજ્જ્વલા યોજનાથી 11 કરોડથી વધુ ઘરોમાં ગેસ કનેક્શન મળ્યા છે, જેના કારણે મહિલાઓને ધૂમાડાથી છુટકારો મળ્યો છે, તેમજ સેલ્ફ હેલ્પ ગ્રુપના માધ્યમથી 'લખપતિ દીદી' મિશન દ્વારા લાખો મહિલાઓ આર્થિક રીતે સશક્ત બની છે.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, સનાતન હિન્દુ સંસ્કૃતિમાં પૂજનીય સ્થાન ધરાવતી માતૃશક્તિ એવી માતા-બહેનોનું સન્માન અને ગૌરવ વધારવાની એક ઐતિહાસિક સુવર્ણ તક દેશને મળી હતી. પરંતુ કોંગ્રેસ અને ઇન્ડિયા ગઠબંધનના પક્ષોની નારી શક્તિ વિરોધી

માનસિકતાના કારણે આ મહત્વપૂર્ણ સુધારા બિલ પસાર થઈ શક્યું નહીં. તેમણે આક્ષેપ કર્યો કે કોંગ્રેસ અને તેના સાથી પક્ષોએ આ બિલમાં રોડા નાખીને મોટું પાપ કર્યું છે, જેના કારણે દેશની કરોડો મહિલાઓનું મનોબળ તૂટ્યું છે.

ભાજપા પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માએ કહ્યું કે, 17 એપ્રિલનો દિવસ ભારતના ઇતિહાસમાં નારી શક્તિના સન્માનનો ઐતિહાસિક અને સુવર્ણ દિવસ બની શક્યો હોત.પરંતુ કોંગ્રેસ અને તેની સાથી પક્ષોના કાવતરાના કારણે આ દિવસ મહિલાઓના અધિકારો પર કાળો ડાઘ બની ગયો.

# CONGRESS Women's Reservation Bill

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ડૉ. અમીબેન યાજ્ઞિક અને સોનલ પટેલે પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતું કે, ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામથી લઈને આધુનિક ભારતના નિર્માણ સુધી કોંગ્રેસ પક્ષ હંમેશા મહિલા સશક્તિકરણ માટે પાયાનો પથ્થર બની રહ્યો છે.

રાજ્યની આર્થિક સ્થિતિ પર પ્રહાર કરતા તેમણે જણાવ્યું હતું કે, દૂધ, શાકભાજી અને ખાદ્ય તેલ, ગેસ જેવા રોજિંદા વપરાશની વસ્તુઓના ભાવ વધારાને કારણે મધ્યમ અને ગરીબ વર્ગનું બજેટ ખોરવાઈ ગયું છે.

કોંગ્રેસ માંગણી કરી છે કે મહિલા અનામતમાં OBC, SC અને ST વર્ગની બહેનો માટે તેમની વસ્તીના આધારે અલગ 'કોટા વિધિન કોટા'ની સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવે.

# ELECTION

રાજ્યમાં આગામી 26 તારીખે યોજાનારી મહાનગરપાલિકા, નગરપાલિકા, જિલ્લાપંચાયત અને તાલુકાપંચાયતની સામાન્ય ચુંટણીઓ તેમજ કેટલીક નગર પાલિકાની પ્રસંગોપાત ખાલી પડેલી બેઠકોની ચુંટણીઓ માટે પ્રચારકાર્ય  જોર શોરથી  યોજાશે.

રાજ્યના મુખ્ય રાજકીય પક્ષો ભારતીય જનતા પાર્ટી – કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી સહિત અન્ય પક્ષોના ઉમેદવારો પોતપોતાનાં વિસ્તારોમાં પક્ષના અગ્રણીયાઓ સાથે મળીને જાહેરસભા લોકસંપર્ક અને ઘરે ઘરે જઈને પ્રચાર કરી રહ્યાં છે

પંચમહાલ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈને તૈયારીઓ અંતિમ તબક્કામાં પહોંચી છે. ગોધરાની ગવર્મેન્ટ પોલીટેકનિક કોલેજ ખાતે કુલ **528 EVM** મશીનોની સીલિંગ કામગીરી શરૂ કરવામાં આવી છે.

ચૂંટણી પ્રક્રિયા પારદર્શક અને સુચારુ બને તે માટે **50**થી વધુ પ્રિસાઈડિંગ ઓફિસરો અને સ્ટાફ આ કામગીરીમાં જોડાયા છે.

**કચ્છમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈ રાજકીય માહોલ ગરમાયો છે ત્યારે હવે વહીવટી તંત્ર પણ તૈયારીઓને આખરી ઓપ આપી રહ્યું છે, જેના ભાગરૂપે ખાસ કરીને EVM કમિશનિંગની કામગીરી શરૂ કરવામાં આવી છે જે આગામી બે દિવસ સુધી ચાલશે અને આ ત્રણ દિવસની સમગ્ર પ્રક્રિયા દરમિયાન EVM ની અંદર ઉમેદવારના નામ અને તેના ચિન્હો સહિત નક્કી કરી લગાડવાની કામગીરી ચાલી રહી છે.**

# Vote on April 26th SONG IN KUTCH

આગામી તા. ૨૬ એપ્રિલે યોજાનાર સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં મતદાન અંગે નાગરિકોમાં જાગૃતિ લાવવા માટે કચ્છ જિલ્લા ચૂંટણીતંત્ર દ્વારા એક વિશેષ પહેલ કરવામાં આવી છે. "૨૬ એપ્રિલે તું વૉટ કર જે" નામનું એક મતદાતા જાગૃતિ ગીત - Jingle તૈયાર કરવામાં આવ્યું છે.

યુવા મતદારોને આકર્ષવા માટે એક નવીન અભિગમ અપનાવીને, આ ગીતના વીડિયો જનરેશનમાં કુત્રિમ બુદ્ધિમતા - AI - ટેક્નોલોજીનો અનોખો પ્રયોગ કરવામાં આવ્યો છે. એટલું જ નહીં, આ ગીતનું સંગીત નિર્દેશન લોકસંગીત, શાસ્ત્રીય સંગીત અને પાશ્ચાત્ય સંગીતના અદભુત મિશ્રણ સાથે કરવામાં આવ્યું છે.

# AKSHAY TRITIYA

સમગ્ર દેશ સહિત રાજયભરમાં અક્ષય તૃતીયા એટલે કે અખાત્રીજનો તહેવાર ઉજવવામાં આવી રહ્યો છે. લોકો માને છે કે આ તહેવાર સૌભાગ્ય અને સફળતાનું પ્રતીક છે. અને આજથી બધા શુભકાર્યોની શરૂઆત થાય છે. આ દિવસે લોકો દેવી-દેવતાઓને સૌભાગ્ય માટે પ્રાર્થના કરે છે. આજે સોનાની ખરીદી માટે સોની બજારમાં લોકોની ભારે ભીડ જોવા મળી  હતી તો ઘણા લોકો  વાહનની  ખરીદી કરતા નજરે પડ્યા હતા તો કેટલાક લોકોએ નવા ઘરના વસ્તુપૂજન નવ ચંડિ યજ્ઞ કર્યા હતા.

ખેડૂતોએ પોતાના ખેતર ખેડવાની શુભ શરૂઆત કરી હતી. વહેલી સવારે ખેડૂતોએ ખેડૂતોએ ખેતરમાં જઈ ધરતી માતા અને કૃષિ સાધનોનું પૂજન કરી 'ખેડાણનું મુહૂર્ત' કર્યું હતું.

ધાર્મિક માન્યતા છે કે આ દિવસે કરવામાં આવેલા પુણ્ય કર્મનો ક્યારેય ક્ષય (નાશ) થતો નથી, તેથી તેને 'અક્ષય' કહેવામાં આવે છે.

# PARSHURAM JAYANTI

આજે ભગવાન પરશુરામની જન્મ જયંતી નિમિત્તે ગાંધીનગર સેક્ટર 16 ખાતે શોભાયાત્રા યોજાઇ હતી. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ આ શોભાયાત્રામાં ખાસ ઉપસ્થિત રહ્યા હતા. બ્રહ્મસમાજ ભવન ખાતે પરશુરામ ભગવાનને પુષ્પાંજલિ આપી અને આરતી કરાઇ હતી જેમાં મોટી સંખ્યામાં ભૂદવો જોડાયા હતા. આજે રાત્રે ડાયરાનું પણ આયોજન કરવામાં આવ્યું છે

જામનગરમાં વિવિધ સંગઠનો અને સેવાકીય ટ્રસ્ટ દ્વારા ભગવાન પરશુરામનો જન્મોત્સવ ધાર્મિક રીતે ઉજવવામાં આવ્યો.

જામનગરના બ્રહ્મ દેવ સમાજ દ્વારા હવન તેમજ મહાપ્રસાદ નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં પરિવાર સાથે મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# SARANGPUR AMROTSAV

અખાત્રીજના પવિત્ર દિવસે વિશ્વપ્રસિદ્ધ તીર્થધામ સાળંગપુરમાં શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મહારાજને ફળોના રાજા એવી“ 2000 કિલો કેરીનો ભવ્ય અન્નકૂટ” અર્પણ કરી 'આમ્રોત્સવ'ની ઉજવણી કરવામાં આવી હતી.

આ અંગે અમારા પ્રતિનિધિનો એક અહેવાલ

(VOICE CAST –PRAKASH BHIMANI PTC BOTAD )

# SARANGPUR SURYAKUMAR & GAUTAM GAMBHIR

ટી-20 ટીમના કેપ્ટન સૂર્યકુમાર યાદવ અને મુખ્ય કોચ ગૌતમ ગંભીરે સાળંગપુર હનુમાનજીના ચરણે આજે વિશ્વ કપ ટ્રોફી અર્પણ કરીને ભારતની ઐતિહાસિક જીતની માનતા પૂર્ણ કરી.

ભારતીય ક્રિકેટ ટીમે તાજેતરમાં મેળવેલી ભવ્ય 'T-20 વર્લ્ડ કપ' જીતનો ઉત્સવ આજે સાળંગપુરના આંગણે મનાવવામાં આવ્યો હતો. આ અંગે સાંભડીએ એક અહેવાલ

(VOICE CAST – AJAY INDREKAR)

આ પ્રસંગે કેપ્ટન સૂર્યકુમાર યાદવે જણાવ્યું હતું કે, "વિશ્વકપ જીતવો એ આખા દેશનું સપનું હતું અને દાદાની કૃપાથી જ અમે આ ટ્રોફી ભારત લાવી શક્યા છીએ. આજે અહીં ટ્રોફી સાથે નતમસ્તક થઈને હું અને ગૌતમ ગંભીર ખૂબ જ ધન્યતા અનુભવીએ છીએ.

# WEATHER

રાજ્યના અનેક શહેરમાં અસહ્ય ગરમી શરૂ થઈ ગઈ છે. મોટાભાગના શહેરોમાં તાપમાન 41 ડિગ્રીને પાર પહોંચી ગયું છે. ત્યારે રાજ્યમાં ફરી એક વખત કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગે આજથી ત્રણ દિવસ સુધી રાજ્યના અનેક જિલ્લાઓમાં કમોસમી વરસાદ થાય તેવી શક્યતા વ્યક્ત કરી છે.

હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માએ જણાવ્યું હતું કે, વેસ્ટન ડિસ્ટર્બન અને સાકલોનીક સર્ક્યુલેશન સક્રિય થતા 19 થી 21 એપ્રિલ સુધી અસહ્ય ગરમીની સાથે કમોસમી વરસાદ પણ થઈ શકે છે.

(BYTE:PRADEEP SHARMA , SCIENTIST,

IMD AHMEDABAD)

# VALSAD HARSH SANGHVI

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ આજે વલસાડ જિલ્લામાં વિકાસ સંકલ્પ સભાને સંબોધન કર્યું. તેમણે વલસાડની કેરી અને GI ટેગનો ખાસ ઉલ્લેખ કર્યો અને કહ્યું કે સાંસદ ધવલભાઈ અને તેમની ટીમ વલસાડની પ્રખ્યાત કેરીને GI ટેગ અપાવવા માટે ખૂબ જ મહેનત કરી રહ્યા છે, જે ખેડૂતો માટે ગૌરવની વાત છે.તેમણે વલસાડ જિલ્લામાં થઈ રહેલા વિવિધ વિકાસલક્ષી પ્રોજેક્ટ્સ અને તેનાથી આવનારા પરિવર્તન વિશે હકારાત્મકતા વ્યક્ત કરી હતી.

# SURENDRANAGAR GHEE SIEZE

સુરેન્દ્રનગરમાંથી પોલીસે શંકાસ્પદ અમુલ ઘી નો જથ્થો ઝડપી પાડ્યો છે, સુરેન્દ્રનગર એસ ઓ જી ની ટીમે મહેતા માર્કેટ અને ટાંકી ચોકમાં બે સ્થળોએ દરોડો પાડીને અમુલ ઘી ના નામે શંકાસ્પદ ઘી ના વેચાણનો પર્દાફાશ કર્યો છે

અમારા સુરેન્દ્રનગરના પ્રતિનિધિ દિનેશ પરમાર જણાવે છે કે અમદાવાદની નારાયણી એન્ટરપ્રાઇઝમાંથી આ જથ્થો લાવ્યાનું ખૂલ્યું હતું, શંકાસ્પદ ઘી ના 22 ડબ્બા,એક મોબાઈલ મળી, 2 લાખ 35 હજાર નો મુદામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે

આ અંગે વધુ માહિતી આપે છે સુરેન્દ્રનગરના DYSP પાર્થ પરમાર.

(BYTE: DYSP PARTH PARMAR )

# BHAVANAGAR HAWADA TRAIN

**યાત્રિયોની સુવિધા માટે પશ્ચિમ રેલવે દ્વારા ભાવનગર ટર્મિનસ અને હાવડા જંકશન વચ્ચે"સમર સ્પેશિયલ ટ્રેન" ચલાવવામાં આવશે. આ ટ્રેન ભાવનગર ટર્મિનસથી આવતી કાલે અને 27 એપ્રિલે ચાલશે**

**ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યું છે કે હાવડા જંકશન સમર સ્પેશિયલ ટ્રેન આવતીકાલે અને 27મી એપ્રિલે સાંજે 17:45 કલાકે પ્રસ્થાન કરી બુધવારે રાત્રે 21:40 કલાકે હાવડા જંકશન પહોંચશે.**

**ભાવનગર ટર્મિનસ સમર સ્પેશિયલ 23 એપ્રિલ 2026 અને 30 એપ્રિલ 2026ના રોજ દોડશે. આ ટ્રેન હાવડા જંકશનથી ગુરુવારે સવારે 10:50 કલાકે પ્રસ્થાન કરશે. શનિવારે સવારે 06:30 કલાકે ભાવનગર ટર્મિનસ પહોંચશે.**